**વંચાણે લીધા:**

**૧.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૭/૨૦૨૨, તા.૨/૩/૨૦૨૨ તથા

**૨.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૮/૨૦૨૩, તા.૧૦/૪/૨૦૨૩ તથા

**૩.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૬/૨૦૨૫, તા.૧૭/૫/૨૦૨૫ અન્વયે.

**જાહેરનામું**

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૪/૨૦૨૫, તા.૧૦/૧૦/૨૦૨૫**

હું, શરદ સિંઘલ, IPS, i/c.પોલીસ કમિશનર,અમદાવાદ શહેર,મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ ની સત્તા અન્વયે આગામી તા.૧૧/૧૦/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરમાં કાંકરીયા આબાદ ડેરી કમ્પાઉન્ડ ખાતે આવેલ 'Eka Arena Club' ટ્રાન્સસ્ટેડીયા સ્ટેડીયમ ખાતે Hyundai 70th Filmfare Awards 2025 with Gujarat Tourism નો કાર્યક્રમ કરવામાં આવનાર હોય જેમાં VIPs/VVIPs ઉપરાંત મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૧/૧૦/૨૦૨૫ ના રોજ કાંકરીયા આબાદ ડેરી કમ્પાઉન્ડ ખાતે આવેલ 'Eka Arena Club' ટ્રાન્સસ્ટેડીયા સ્ટેડીયમ ખાતે Hyundai 70th Filmfare Awards 2025 with Gujarat Tourism નો કાર્યક્રમ કરવામાં આવનાર છે. આ ફિલ્મ ફેર એવોર્ડ સમારંભ અનુસંધાને મનોરંજન જગતને લગતી જાણીતી હસ્તીઓ તથા ફિલ્મસ્ટાર,પ્રોડ્યુશર,ડાયરેક્ટર તથા અન્ય VVIPs/VIPs મહાનુભાવો પધારનાર હોય જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | રાયપુર ચાર રસ્તા – પારસી અગિયારી-કાંકરીયા ગેટ નં.૩ તરફનો માર્ગ વાહનોની અવર-જવર માટે બંધ રહેશે. | રાયપુર ચાર રસ્તા -કાગડાપીઠ-ટી જમણી બાજુ – વાણીજ્ય ભવન – અણુવ્રત સર્કલ ડાબી બાજુ વળી મણીનગર તેમજ ખોખરા હાટકેશ્વર સી.ટી.એમ તરફ જઇ શકાશે. |
| ૨. | વાણીજ્ય ભવન ચાર રસ્તાથી પારસી અગિયારી ત્રણ રસ્તા તરફનો માર્ગ વાહનોની અવર-જવર માટે બંધ રહેશે. | વાણીજ્ય ભવન ચાર રસ્તા – ન્યુ કલોથ માર્કેટ – રાયપુર- ગંતવ્ય સ્થળ તરફ જઇ શકાશે. |
| ૩. | પારસી અગિયારી ત્રણ રસ્તા થી વાણીજ્ય ભવન ચાર રસ્તા તરફનો માર્ગ વાહનોની અવર-જવર માટે બંધ રહેશે. | પારસી અગિયારી- જોગણી માતાના મંદિર ડાબી બાજુ – ફુટબોલ ગ્રાઉન્ડ- અપ્સરા સીનેમા (પુષ્પ કુંજ) ચાર રસ્તા – તુલસી કોમ્પલેક્ષ ત્રણ રસ્તા – ઝીરાફ સર્કલ – ગંતવ્ય સ્થળ તરફ જઇ શકાશે. |
| ૪. | અણુવ્રત સર્કલથી કાંકરીયા ગેટ નં.૩ થી ફુટબોલ ગ્રાઉન્ડ તરફનો માર્ગ વાહનોની અવર-જવર માટે બંધ રહેશે. | અણુવ્રત સર્કલ – અનુપમ બ્રિજનો પશ્ચિમ છેડે- સિદ્ધિવિનાયક સર્કલ -જીરાફ સર્કલ- તુલસી |

| | | |
|---|---|---|
| | | કોમ્પલેક્ષ ત્રણ રસ્તા થી ગંતવ્ય સ્થળ તરફ જઇ શકાશે. |
| ૫. | ફુટબોલ ગ્રાઉન્ડથી કાંકરીયા ગેટ નં.૩– અણુવ્રત સર્કલ તરફનો માર્ગ વાહનોની અવર–જવર માટે બંધ રહેશે. | ફુટબોલ ગ્રાઉન્ડ– અપ્સરા સીનેમા (પુષ્પ કુંજ) ચાર રસ્તા–તુલસી કોમ્પલેક્ષ ત્રણ રસ્તા– ઝીરાફ સર્કલ–સિધ્ધિવિનાયક સર્કલ –ગંતવ્ય સ્થળ તરફ જઇ શકાશે. |

⇒ આ કાર્યક્રમ દરમિયાન શહેરમાં સુચારુ ટ્રાફિક નિયમન જળવાઇ રહે અને માર્ગ અકસ્માતો બનતા નિવારવા સારુ વંચાણે લીધા અ.નં.(૧) તથા (૨) વાળા જાહેરનામાંથી શહેરમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવેલ તમામ પ્રકારના વાહનો **તા.૧૧/૧૦/૨૦૨૫ ના કલાક ૧૫.૦૦ થી ૨૪.૦૦ સુધી તથા તા.૧૨/૧૦/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી ૦૨.૦૦ સુધી ઉપર્યુક્ત પ્રતિબંધ કરેલ તથા વૈકલ્પિક માર્ગો ઉપર અવર–જવર કરી શકશે નહી** જે અંગેનો પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

⇒ તેમજ વંચાણે લીધા અ.નં.(૩) વાળા જાહેરનામાથી લખનઉ જલેબી ત્રણ રસ્તાથી કાંકરીયા ગેટ નં.૩ થી અણુવ્રત સર્કલ સુધીનો આશરે ૮૦૦ મીટનો રસ્તો વન–વે જાહેર કરવામાં આવેલ હોય જે વન–વે અંગેનું જાહેરનામું **તા.૧૧/૧૦/૨૦૨૫ ના કલાક ૧૫.૦૦ થી ૨૪.૦૦ સુધી તથા તા.૧૨/૧૦/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી ૦૨.૦૦ સુધી આ કાર્યક્રમ પુરતુ હાલ 'રદ્દ' કરવામાં આવે છે.**

⇒ તા.૧૨/૧૦/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૨.૦૦ બાદ વંચાણે લીધા અ.નં.(૩) વાળુ જાહેરનામું આપોઆપ અમલમાં આવશે.

⇒ ઉપર્યુક્ત પ્રતિબંધ કરેલ તથા વૈકલ્પિક માર્ગો પર વાહનોના પાર્કિંગ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. **જે માર્ગો 'નો–પાર્કિંગ ઝોન' જાહેર કરવામાં આવે છે.**

⇒ **અપવાદ:** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ અધિકૃત વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો,ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર–જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

**–: જાહેરનામાની અમલવારીની વિગત :–**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૧૧/૧૦/૨૦૨૫ ના કલાક ૧૫.૦૦ થી ૨૪.૦૦ સુધી તથા તા.૧૨/૧૦/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી ૦૨.૦૦ સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૦/૧૦/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

(શરદ સિંઘલ)
i/c. પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

તા.૧૦/૧૦/૨૦૨૫
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના:**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. ( E-mail : gogpress-vad@gujarat.gov.in )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.